જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૪/૨૦૧૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા :-    સમાચાર યાદી નં.૭૦૨/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૧૩૫ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઇગ્લીશ દારૂ, ૧૭ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૩૦ બિયર ટીન, ૦૧ લ્યુના અને ૨ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૨૯૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૭૦૩/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

અપહરણઃ-    સમાચાર યાદી નં.૭૦૪/૧૫

સરદારનગર : ગીતાબહેન ઉર્ફે આશા વાલારામ સોલંકી(ઉ.વ.૧૬)(રહે.શિવશક્તિ નગરનાં છાપરાં, પાણીની ટાંકી પાસે, ભીલવાસ, સરદારનગર) ને તા.૭/૪/૧૫ બપોરનાં ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી આરોપી ધર્મેશ (જેના પુરા નામની ખબર નથી)(રહે.કેકાડીવાસ, કુબેરનગર) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ ગીતાબહેનનાં ભાઇ કાનજીભાઇ સોલંકીએ તા.૧૦/૪/૧૫ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.કે.પટેલ ચલાવે છે.

ઘાટલોડીયા : ઉપાસનાબહેન નટવરભાઇ વાઘેલા (ઉ.વ.૨૧)(રહે.મુરલીધર આવાસ સીપીનગર ઘાટલોડીયા) ની તા.૧૯/૨/૧૫ સવારનાં ૧૧/૩૦ થી બપોરનાં ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘર નજીકથી આરોપી કનુભાઇ ઉર્ફે કાનો રાજુભાઇ ચૌહાણ (ઉ.વ.૨૪)(રહે,એચ.જે.કાદરીની ચાલી, મિરઝાપુર ટેલીફોન એક્ષચેંજ રોડ, પથ્થર મસ્જીત સામે, મિરઝાપુર) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ ઉપાસનાબહેનનાં પિતા નટવરભાઇ વાઘેલાએ તા.૧૦/૪/૧૫ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

બળાત્કાર : સમાચાર યાદી નં.૭૦૫/૧૫

નરોડા : નરોડા વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની તરૂણીને આરોપી સુનીલ હોમસિંગ પાલ (રહે.નારોલ જશોદા ચોકડી તથા નારોલ તથા ચાંદખેડા રખડતો) છેલ્લા દોઢેક માસથી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન તરૂણીનાં ઘરે આવી, તરૂણીનું મોઢુ દબાવી, તેની ગરદન ઉપર ચાકુ મુકી, જાનથી મારી નાંખવાની ધમકી આપી ૧૦ થી ૧૨ વખત તરૂણીની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો. આ અંગેની ફરીયાદ તરૂણીનાં પિતાએ તા.૧૦/૪/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.બી.રાણા ચલાવે છે.

છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૭૦૬/૧૫

રાણીપ : સુરેશભાઇ પુરૂષોત્તમભાઇ પટેલ (રહે.અદેત સોસાયટી, રાધાસ્વામી રોડ, રાણીપ) એ તા.૧૦/૪/૧૫ નારોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૪/૧૫ બપોરના ૧૨/૦૦ થી ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનાં) જેમાં (૧) કુમાર શાસ્ત્રી મહારાજ અને (૨) બીજો મહારાજ (જેનાં બંને પુરા નામ સરનામાની ખબર નથી) સુરેશભાઇને "અમો શાહીબાગ ગાયત્રી મંદીર તરફથી આવીએ છીએ" તેમ કહી વિશ્વાસમાં લઇ, તેમની તમામ તકલીફો ગાયત્રી યજ્ઞ કરીને દુર કરી દેવાનું જણાવી, સુરેશભાઇ પાસેથી યજ્ઞ માટેનાં રૂપિયા ૪૨,૦૦૦/- મેળવી લઇ સુરેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.સોલંકી ચલાવે છે.

ચોરી :- સમાચાર યાદી નં.૭૦૭/૧૫

આનંદનગર : શૈલેષભાઇ પ્રાણલાલ દેસાઇ (રહે.ગ્રીન એકર્સ, ઔડા લેકની સામે, આનંદનગર) એ તા.૧૦/૪/૧૫ સાંજનાં ૬/૩૦ થી ૬/૪૦ વાગ્યા દરમ્યાન ધનંજય ટાવર પટેલ ટ્રેડર્સ નામની દુકાન સામે પોતાની કાર પાર્ક કરી હતી. દરમ્યાન અજાણી વ્યક્તિ કારનાં દરવાજાનો કાચ તોડી કારમાંથી રોકડ રૂપિયા ૯૧,૧૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ શૈલેષભાઇ દેસાઇએ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મોહંમદ હનીફભાઇ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- સમાચાર યાદી નં.૭૦૮/૧૫

માધવપુરા : જાકિરહુસેન ઉર્ફે અમનભાઇ મોહમદબુંદ્દ અંસારી (રહે.મ્યુ.સ્ટાફ ક્વૉટર, શાહપુર દરવાજા બહાર, દુધેશ્વર રોડ) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૪/૧૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે દુધેશ્વર રોડ કેન્દ્રીય વિધાલય આગળથી શાહજહાંબાનુ નસીમઅહેમદ અંસારી એક્ટિવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે કોઇ અજાણ્યા ઓટોરીક્ષા ચાલકે પોતાની ઓટોરીક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી એક્ટીવાને ટક્કર મારતા, શાહજહાંબાનુને શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૪/૧૫ સવારનાં કલાક ૧૦/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.પરમાર ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)